## જાહેરખબર

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,**
**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ,**
**બ્લોકનં.૪, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.**
**પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના (વર્ષ ૨૦૨૪-૨૫)**

નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી- વિમુક્ત જાતિઓના ઘર વિહોણા ઈસમોને મકાન સહાય આપવાની યોજના અમલમાં છે. સદરહુ યોજના હેઠળ લાભ મેળવવા ઇચ્છતા અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતા અરજદારો પાસેથી **esamajkalyan.gujarat.gov.in** પોર્ટલ પર ૧૭/૦૮/૨૦૨૪ થી તા.૧૬/૦૯/૨૦૨૪ સુધી ઓનલાઇનથી અરજીઓ મંગાવવામાં આવે છે.

નાણાંકિય વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ની આ યોજનાની ઓનલાઈન અરજીઓની સંખ્યા અમુક જિલ્લામાં લંક્ષ્યાક કરતા વધારે પ્રમાણ હોવાથી આવી અરજીઓ વર્ષ ૨૦૨૪-૨૫માં ચાલુ રાખવાનો નિર્ણય કરેલ છે. જેથી ઉક્ત સમયગાળામાં જે અરજદારોએ અરજી કરેલ હતી અને અરજી મંજુર થયેલ નથી તેવી પડતર અરજીઓ છે તે અરજદારો ફરીથી અરજી કરવાની રહેશે નહી. નીચે દર્શાવેલ જિલ્લાઓમાં લંક્ષ્યાક સામે પુરતા પ્રમાણમાં જાતિવાઈઝ અરજીઓ મળે તે માટે તે જિલ્લાઓમાં સંબંધિત જાતિના અરજદારો ઓનલાઈન અરજી કરી શકશે. જેની ખાસ નોંધ લેવી.

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે અમરેલી, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, દાહોદ, મહિસાગર, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ની આ યોજનાની મળેલ અરજીઓ પૈકી મંજુર કરવાપાત્ર બાકી અરજીઓ વર્ષ ૨૦૨૪-૨૫ ના લંક્ષ્યાક સામે પર્યાપ્ત હોઈ આ જિલ્લાઓમાં ઓનલાઈન અરજીઓ મંગાવવાની થતી નથી. આ ૯ (નવ) જિલ્લા સિવાયના જિલ્લાઓના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અરજદારો અરજી કરી શકશે.
- આર્થિક પછાતવર્ગ અને વિચરતી-વિમુક્ત જાતિના દરેક જિલ્લાના અરજદારો ઓનલાઈન અરજી કરી શકશે. વિચરતી-વિમુક્ત જાતિ માટે લંક્ષ્યાક પુર્ણ ન થાય ત્યાં સુધી ઓનલાઈન પોર્ટલ ચાલુ રાખવામાં આવશે.
- આ સમયગાળા દરમ્યાન જે જિલ્લામાં લંક્ષ્યાક સામે અરજીઓ ન મળે તો ઉક્ત સમયગાળો લંબાવવામાં આવશે. જેથી અરજદારો ઓનલાઈન પોર્ટલ જોતા રહેવું.
- વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ની ઓનલાઈન પડતર અરજીઓ વર્ષ ૨૦૨૪-૨૫ ના જે તે જિલ્લાના લંક્ષ્યાકને સિધ્ધ કરવા માટે પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે. ત્યારબાદ ચાલુ વર્ષની અરજીઓ ધ્યાને લેવામાં આવશે.

(૧) જે તે જિલ્લામાં લક્ષ્યાંક કરતાં વધુ અરજીઓ હશે તો જે સંપુર્ણ ડોક્યુમેન્ટવાળી અરજીઓને હશે તેને જ ધ્યાને લેવામાં આવશે અને અધુરા ડોક્યુમેન્ટવાળી અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી. જેથી સંપૂર્ણ માગેલ વિગતો સહીત અરજી કરવાની રહેશે.

(૨) પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં સહાય મેળવવવા માટેની અરજી ઓનલાઇનથી જ કરવાની રહેશે. અરજી સાથેના જરૂરી ડોક્યુમેન્ટ પણ ઓનલાઇનથી અપલોડ કરવાના રહેશે. અરજીની હાર્ડકોપી જિલ્લા કચેરીમાં આપવાની નથી. પરંતુ જરૂર જણાયે જિલ્લા કચેરીના અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા જ્યારે ઓરીઝનલ ડોક્યુમેન્ટ માંગવામાં આવે ત્યારે બતાવવાના/ આપવાના રહેશે.

(3) અરજીમાં સંપૂર્ણ માગેલ વિગતો ભરેલ નહી હોય અથવા અધૂરા દસ્તાવેજો વાળી અરજી હશે તો તે આપોઆપ રદ (નામંજુર) ગણાશે.

(૪) અરજદાર મુળ ગુજરાત રાજ્યના વતની હોવા જોઇએ.

(૫) અરજદારના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય તથા શહેરી વિસ્તાર માટે રૂ.૬,00,000/- થી વધુ હોવી જોઇએ નહી.

(૬) અગાઉના વર્ષોમાં અરજદાર કે તેમના કુટુંબના સભ્યોએ આ ખાતા દ્વારા કે ગુજરાત રાજ્યના અન્ય કોઇ ખાતામાંથી આ પ્રકારની સહાય મેળવેલ હોવી જોઇએ નહિ.

(૭) આ યોજનનો લાભ કુટુંબમાંથી કોઇ એક જ વ્યક્તિને એક જ વાર મળવાપાત્ર છે.

(૮) ઓનલાઈન અરજીમાં અરજદારે પોતાના અથવા પોતાના કુંટબના વ્યક્તિનો મોબાઈલ નંબર આપવાનો રહેશે તથા મોબાઈલ ચાલુ સ્થિતિમાં રાખવાનો રહેશે. અન્ય વ્યક્તિનો નંબર આપેલ હશે અથવા એક જ નંબરથી વધુ અરજીઓ આવેલ હશે તો આવી અરજીઓ રદ ગણવામાં આવશે.

(૯) અરજદાર દ્વારા ઓનલાઇન કરેલ અરજીનું સ્ટેટસ જાણવા વેબસાઇટ જોતા રહેવું.

(૧૦) અરજી મંજુર કરવાની સત્તા જિલ્લા અધિકારીશ્રીની રહેશે. જે અંગે બીજો કોઇ હક્કદાવો કરી શકાશે નહીં.

(૧૧) પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં સહાય મેળવવા અંગેની વિગતો **esamajkalyan.gujarat.gov.in** પર દર્શાવેલ છે. જેનો સંપુર્ણ અભ્યાસ કરી અરજદારે ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ વિશેષ માહિતી જિલ્લાના નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિકસતી જાતિ) ની કચેરીમાંથી પણ મળી રહેશે.

(૧૨) પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં સહાય મેળવવા બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે.

નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર

સ્થળ:- ગાંધીનગર
તા.-૧૭/૦૮/૨૦૨૪